નાના બોટધારક માછીમારોને કેરોસીન માટે નાણાકીય સહાયની યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯માં ચાલુ રાખવા માટે મહેસુલ હેઠળ રૂ. ૨૨૫૦.૦૦ લાખની જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૨૨૦૧૭/૧૧૮૭/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૫/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોદ્યોગ પ્રભાગ) ના ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/ ૧૨૨૦૧૭, ૧૪૦/ટ, તા.૧૦/૦૪/૨૦૧૭

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ- ગુમ/ થ-૨/ ૬૭૭/૨૦૧૭-૧૮/ ૭૧૨, તા.૧૫/૧૧/૨૦૧૭

(૩) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ- ગુમ/ થ-૨/ ૬૭૭/૨૦૧૮-૧૯ / ૧૦૫૩,તા.૧૬/૦૩/૨૦૧૮

ઠરાવઃ-

૧. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૧ સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી ૧૦૩/૧૬, નાનાઓબીએમ બોટધારક માછીમારોને કેરોસીન માટે નાણાકીય સહાયની યોજનાને વર્ષ ૨૦૧૭-૧૮માં ચાલુ રાખવા અંદાજપત્રમાં મહેસુલ ખર્ચ હેઠળ રૂ.૨૨૫૦.૦૦ લાખની જોગવાઇની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

૨. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તકની ઓબીએમ બોટધારક માછીમારોને કેરોસીન માટે નાણાકીય સહાય આપવાની યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ૦૬ ના મુખ્ય સદર ક્રમાંકઃ ૨૪૦૫-૧૦૩-(૧૬).ને મહેસુલ ખર્ચ હેઠળ રૂ.૩૬૪૧.૦૦ લાખની જોગવાઇને સૈધ્ધાંતિક મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની રૂ. ૨૨૫૦.૦૦ લાખની સૈધ્ધાંતિક મંજુરી આપવા આવેલ છે.

૩. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૩ સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તકની ઓબીએમ બોટધારક માછીમારોને કેરોસીન માટે નાણાકીય સહાય આપવાની યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં માંગણી

ક્રમાંક:૦૬ ના મુખ્ય સદર ક્રમાંક: ૨૪૦૫-૧૦૩-(૧૬).ને મહેસુલ ખર્ચ હેઠળ રૂ.૨૨૫૦.૦૦ લાખની જોગવાઇ કરવાની વહીવટી મંજૂરી આપવા માટેની દરખાસ્ત કરવામા આવેલ હતી.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મત્સ્યોધોગ કમિશ્નર કચેરી હસ્તકની ઓબીએમ બોટધારક માછીમારોને કેરોસીન માટે નાણાકીય સહાય આપવાની યોજના, માંગણી ક્રમાંક:૦૬ ના મુખ્ય સદર ક્રમાંક: ૨૪૦૫-૧૦૩-(૧૬).ને મહેસુલ ખર્ચ હેઠળ રૂ.૨૨૫૦.૦૦ લાખનાં અંદાજની જોગવાઈ ને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) સને- ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો- વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવતી જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ / ૧૦૨૦૦૫- ૧૪૦૭- ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ- ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો- વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગા કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટની અન્ય હેતુ માટે ઉપયોગા કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૪) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ / ૧૦૨૦૦૫- ૧૪૦૭- ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ- ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૬) માછીમારોની કેરોસીનથી ચલતી ઓ.બી.એમ. (આઉટ બોર્ડ મોટર) ધારક બોટોને જ આ યોજના લાગુ પડશે. ફક્ત રીયલક્રાફ્ટ સોફ્ટવેરમાં ઓનલાઇન રજીસ્ટર્ડ થયેલ ઓ.બી.એમ. બોટ ધરાવતા માછીમારોને તા.૧૦-૦૪-૨૦૧૭ ના ઠરાવથી અમલમાં આવેલ યોજના અન્વયે ઇસ્યુ કરવામાં આવેલ કેરોસીનકાર્ડ ધરાવતી બોટો માટે કેરોસીન ખરીદીના બીલો ઉપર સહાય મળવાપાત્ર થશે.

(૧૭) રાહત મેળવવા માટે કેરોસીનથી ચાલતી ઓ.બી.એમ. (આઉટ બોર્ડ મોટર) બોટોનું મત્સ્યોદ્યોગ ખાતામાં રીયલક્રાફ્ટ સોફ્ટવેરમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ ફરજીયાત છે.

(૧૮) આ પ્રકારની ઓનલાઇન રજીસ્ટર્ડ થયેલ બોટોનું માછીમારી માટેનું લાયસન્સ ફરજીયાત મેળવવાનું રહેશે. તેમજ સમયાંતરે નિયત સમયમાં લાયસન્સ રીન્યુ કરાવવાનું રહેશે.

(૧૯) રીયલક્રાફ્ટ સોફ્ટવેરમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી અને માછીમારી માટેનું લાયસન્સ મેળવેલ ઓ.બી.એમ. (આઉટ બોર્ડ મોટર) બોટો માટે જ કેરોસીન વિતરણકાર્ડ ઇસ્યુ કરવાના રહેશે.

(૨૦) કેરોસીન વિતરણ માટેની તમામ માળખાકીય સુવિધાઓ જેવી કે, કેરોસીન પંપોવગેરે ગુજરાત મત્સ્યોદ્યોગ કેન્દ્રીય સહકારી સંસ્થા લી., અમદાવાદએ ઉભી કરવાની રહેશે. રાજ્યના તમામ સ્થળોના કેરોસીન પંપો જી.એફ.સી.સી.એ. સંચાલીત રહેશે. અને તેની સમયાંતરે ભૌતિક ચકાસણી સંબંધિત જિલ્લા અધિકારીએ બિનચુક કરવાની રહેશે.

(૨૧) માછીમારી કરતી બોટોએ માછીમારી માટે દરીયામાં જતા આવતા સમયે તેની નોંધ બોટ મુવમેન્ટ નોંધણીબુકમાં કરવાની રહેશે અને ટોકન મેળવેલ હોવા જોઇએ.બોટ મુવમેન્ટ રજીસ્ટર સાથે કેરોસીન ખરીદીના બીલોનું મેળવણું કરી ચકાસણી કરીને ખરાઇ ફરજિયાત કરવાની રહેશે.આ બાબતે સંબંધિત જિલ્લા કચેરીના વડાની જવાબદારી રહેશે.

(૨૨) માછીમારો દ્વારા અધિકૃત કેરોસીનકાર્ડના આધારે જી.એફ.સી.સી.એ.ના કેરોસીન પંપો ઉપરથી ખરીદેલા કેરોસીન બીલમાં કેરોસીન પંપના સંચાલકે બોટધારકનું નામ, બોટનો ઓનલાઇન રજીસ્ટ્રેશન નંબર,બોટનુ નામ, ખરીદેલ કેરોસીનના જથ્થાની તારીખ,જથ્થાની વિગત,કિંમત (પ્રવર્તમાન તમામ ટેક્ષની રકમ સાથેની) બોટમુવમેન્ટ રજીસ્ટરની વિગતો, ટોકનનંબર અને તારીખ વિગેરે સ્પષ્ટ અને સુવાચ્ય નોંધ કરી ઓથોરાઇઝ સહી કરી બીલ આપવાનું રહેશે. માત્ર તેવા જ બિલો માન્ય ગણવાના રહેશે.

(૨૩) કેરોસીન વિતરણકાર્ડમાં નોંધવામાં આવેલ ખરીદ કરેલ કેરોસીન ઉપર સહાય મંજુર કરવા માટે માછીમાર બોટ માલીકે કેરોસીન ખરીદીના અસલ બીલ, ફીશીંગ ટ્રીપની વિગતો તથા બોટ મુવમેન્ટ ટોકન રજીસ્ટરનો ઉતારો, આધારકાર્ડની નકલ, બેંક ખાતા નંબર , મોબાઇલ નંબર તથા અન્યજરુરી આધાર પુરાવા સાથેની અરજી મત્સ્યોદ્યોગની સંબંધિત જિલ્લાકચેરીમાં રજુ કરવાની રહેશે.

(૨૪) માછીમારોએ બાયોમેટ્રીકકાર્ડ મેળવેલ હોવા જોઇએ. તેની ચકાસણી-ખરાઇ સંબંધિત જિલ્લા કચેરીએ કરવાની રહેશે.

(૨૫) લાભાર્થી દ્વારા મળેલ કલેઇમના પ્રવર્તમાન ધારાધોરણો/નિયમો મુજબ ચકાસણી કરી યોજના હેઠળના સંબંધિતલાભાર્થીને DBTથી તેમના બેંક ખાતામાં મંજુર થયેલ સહાયની રકમ સીધેસીધી જમા કરાવાની રહશે. આ વ્યવસ્થા માટે લાભાર્થીનું બેંક ખાતુ ન હોય તો લાભાર્થીએ તેવુ ખાતુ ખોલાવવાનું રહેશે. નિયતથયેલપ્રતિ માસ મળવાપાત્ર મહત્તમ કેરોસીનનાજથ્થાઉપરાંત વધુખરીદેલકેરોસીનનાજથ્થામાટે સહાય મંજુરકરીશકાશેનહી

(૨૬) માછીમારોને મંજુર કરવામાંઆવતી સહાયની રકમ પ્રતિ લિટર કેરોસીનની ખરીદી માટે રૂ.૨૫/- લેખે મહત્તમ ૧૫૦ લીટર સબસીડાઇઝ કેરોસીન પ્રતિ માસ પ્રતિ બોટ મળવાપાત્ર રહેશે.

(૨૭) હવામાન ખાતા કે સરકારશ્રી હસ્તકના અન્ય ખાતા દ્વારા આપવામાં આવતી કુદરતી આપત્તિઓ સંબંધિત સુચનાઓનું માછીમાર લાભાર્થીએ ચુસ્તપાલન કરવાનું રહેશે, જેના ભંગ બદલ કેરોસીનકાર્ડ રદ/જપ્ત કરી શકાશે, અને આવા નિયમભંગ કરીને કરેલ માછીમારીની ટ્રીપ માટે કેરોસીન સહાયમળવા પાત્ર રહેશે નહી. લાભાર્થી માછીમાર દ્વારા અનિયમિતતા કે ગેરરીતિ દ્વારા કેરોસીન સહાયનો ગેરલાભ લીધાનું ધ્યાન ઉપર આવ્યે કસુરદાર માછીમારને કેરોસીન સહાય મળવાપાત્ર થશે નહી.

(૨૮) દરેક વર્ષે નકકી થયા મુજબ ફીશીંગ માટે બંધસીઝન તરીકે જાહેર કરવામાં આવેલ સમયગાળા(૧૦મી- જુનથી ૧૫ મી ઓગસ્ટ) દરમ્યાન ઇસ્યુ થયેલ કેરોસીન કાર્ડ ઉપર આ લાભ આપી શકાશે નહી.

| ક્રમ | ફીશીંગ પીરીયડ | દર મહિને પ્રતિ ઓ.બી.એમ. બોટ માટે સહાયપાત્ર મહત્તમ કેરોસીનનો જથ્થો (લીટરમાં) | પ્રતિ ઓ.બી.એમ. બોટ માટે વાર્ષિક સહાયપાત્ર કેરોસીનનો મહત્તમ જથ્થો (લીટરમાં) |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી થી મે | ૧૫૦ | ૧૪૭૨ |
| ૨ | તારીખ ૧લી જુનથી ૯મી જુન (નવ દિવસ) | ૪૫ | |
| 3 | તારીખ ૧૬મી ઓગસ્ટથી ૩૧મી ઓગસ્ટ( સોળ દિવસ) | ૭૭ | |
| ૪ | સપ્ટેમ્બર થી ડીસેમ્બર | ૧૫૦ | |

(૨૯) મત્સ્યોદ્યોગ કાયદા-૨૦૦૩નો માછીમારોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તેના ભંગ બદલ કેરોસીન કાર્ડ જપ્ત કરવાન રહેશે.

(૩૦) સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત માછીમારોને/માછીમારીસહકારીમંડળીઓને આપવામાં આવેલ ધિરાણ/સહાય અન્વયે સરકારી બાકી ચડત લ્હેણાંની રીકવરી માટે બાકીદારોને આવી સહાયની ચુકવણી કરતા પહેલા મત્સ્યોધોગ ખાતાની સંબંધીત જિલ્લા કચેરીએ આવી સહાયના દરેકબીલમાંથી ૫૦ ટકા રકમ સરકારી બાકી લ્હેણા પેટે વસુલ કરવાની રહેશે જ્યાં સુધી બાકીદાર પાસેનું તમામ ચડત બાકી સરકારી લ્હેણું પુરેપુરુ વસુલ ન થાય ત્યાં સુધી બાકીદારના કેરોસીન સહાયના દરેક બીલમાંથી આવી કપાત કરવાનું સંબંધિત જિલ્લા કચેરીએ ફરજિયાત ચાલુ રાખવાનું રહેશે.

(૩૧) ફીશીંગ બોટો આઇ.એમ.બી.એલ. ક્રોસ કરે અથવા આઇ.એમ.બી.એલ. નજીક " નો ફીશીંગ ઝોન" માં માછીમારી કરતાં કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાય અથવા કલર કોડ વગરની બોટ ફીશીંગ કરતાં કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાય આવા કીસ્સાઓમાં કોસ્ટ ગાર્ડ / મરીન પોલીસ દ્વારા રીપોર્ટ કરવામાં આવે ત્યારે કોસ્ટ ગાર્ડ / મરીન પોલીસના રીપોર્ટ કર્યાની તારીખથી એક વર્ષ માટે કેરોસીન કાર્ડ તાત્કાલિક અસરથી મોકૂફ રાખવાનું રહેશે. બીજી વારના આવા નિયમભંગના કીસ્સામાં કેરોસીનકાર્ડ કાયમી ધોરણે રદ કરવાનું રહેશે.

(૩૨) ફીશરમેન તરફથી જે સહાય માટેના કેરોસીન ખરીદીના બિલોમા ટેકલેઇમ રજુ કરવામાં આવે તે બિલોની સંબંધીત કેરોસીન વિક્રેતા (ડીલર)ની અસલ બીલબુક (સ્થળપ્રત) ની સાથે બીનચુક ખરાઇ કરવાની રહેશે, જેથી અનિયમિતતા અને ગેરરીતિના કિસ્સા અટકાવી શકાય.આ બાબતે સંબંધિત જિલ્લા કચેરીના વડાની જવાબદારી રહેશે.

(૩૩) જે બોટો સ્ક્રેપ થઇ ગયેલ હોય. રદ બાતલ કરવામાં આવેલ હોય અથવા બીનઉપયોગી હોય કે ફીશીંગમાં વપરાશમાં ન લેવાતી હોય કે ફીશીંગ માટે ન ગયેલ હોય તેને આ યોજનાનો લાભ આપવામાં આવશે નહી જેની તકેદારી સંબંધિત જિલ્લાઅધિકારીએ બિનચુક રાખવાની રહેશે. ફીશીંગમાં વપરાતી બોટોને જ આયોજનાનો લાભ આપવાનો રહેશે. બોટ ફીશીંગમાં જાય છે કે નહિ તે અંગેની ચકાસણી કુલબોટો ના૧૦૦ ટકા બોટોની સંબંધિત મત્સ્યઅધિકારી/મદદનીશ મત્સ્યો.અધિક્ષક (સી) એ ૫૦ ટકા ચકાસણી સંબંધિત જીલ્લાઅધિકારીએ તેમજ૨૦ ટકા બોટોની સંબંધીત વિભાગીય વડા એ ભૌતિક ચકાસણી કરવાની રહેશે.

(૩૪) યોજનાના અમલીકરણમાં અનિયમિતતા અટકાવવા માટે વહીવટી સરળતા માટે અને ખર્ચના ઘસારાને ઘટાડવા માટે બોટધારકોએ કેરોસીનની ખરીદીના બિલોખરીદીના માસ પછીથી મોડામાં મોડા ૩૦ દિવસમાં સંબંધિત જિલ્લા કચેરીમાં રજુ કરવાના રહેશે ત્યારબાદ આવા બિલો સ્વીકારી શકાશે નહિ. તથા તેની ઉપર સહાયની રકમ મળવાપાત્ર રહેશે નહિ.

(૩૫) યોજનાની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે પાડવાનો રહેશે.

માંગણી નંબર-૦૬

મુખ્યસદર - ૨૪૦૫ મત્સ્યોદ્યોગ

ગૌણ સદર - ૧૦૩દરિયાઇ મત્સ્યોદ્યોગ,

પેટા સદર - (૧૬) એફએસએચ-નાના બોટધારક માછીમારોને કેરોસીન માટે નાણાકીય સહાયની યોજના(મહેસુલખર્ચ)

યોજનાનો નંબરઃ-

હેડ ચાર્જેબલ- ૨૪૦૫ ૦૦ ૧૦૩ ૧૬

વિગતવાર સદર ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ) ની તા. ૨૪/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

(૩) સચિવશ્રી,(મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૫) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ

(૬) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ

(૮) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૦) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર

(૧૧) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) સીલેકટ ફાઇલ.